પાલિકાની 'વેઠ ઉતાર' કામગીરીથી સ્થાનિકોમાં રોષ

# તરસાલી-વડદલા માર્ગ બન્યો બિસમાર

**૨ કિલોમીટરના રસ્તા પર ખાડાઓનું સામ્રાજ્ય: વાહનોને નુકસાન અને અકસ્માતનો સતત ભય**

(પ્રતિનિધિ) વડોદરા તા.20
વડોદરા મહાનગરપાલિકાના દક્ષિણ ઝોનમાં આવેલા વોર્ડ નંબર 19 માં સ્થાનિક રહીશો અને વાહનચાલકો ખરાબ રસ્તાની સમસ્યાથી ભારે હેરાનગતિ ભોગવી રહ્યા છે. તરસાલીથી વડદલા ગામને જોડતો આશરે ૨ કિલોમીટરનો મુખ્ય માર્ગ હાલ અત્યંત ખખડધજ અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે.

આ માર્ગ પર ઠેર-ઠેર મોટા ખાડાઓ પડી ગયા હોવાને કારણે દરરોજ અહીંથી પસાર થતાં હજારો લોકોને મુસાફરી દરમિયાન ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખરાબ રસ્તાના કારણે વાહનોને તો મોટા પાયે નુકસાન પહોંચી જ રહ્યું છે, સાથે સાથે દરરોજ નાના-મોટા અકસ્માતો થવાનો ડર પણ સતત વાહનચાલકો પર તોળાતો રહે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પા લિકા તંત્ર દ્વારા રસ્તાના સમારકામ નામે માત્ર 'જેવું-તેવું' અને વેઠ ઉતારવાનું કામ કરવામાં આવ્યું છે, જેનાથી આ મુશ્કેલીનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. વડદલા ગામથી તરસાલી તરફ આવતા-જતા લોકો માટે આ 2 કિલોમીટરનો રસ્તો મુશ્કેલીનો વિષય બન્યો હોવાથી પાલિકા તંત્ર દ્વારા યોગ્ય અને મજબૂત રીપેરીંગ કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.



કોયલી-ઉમેટા રોડ પર બેફામ ડમ્પરોની ઘૂસણખોરીથી અકસ્માતનો ભય

# પ્રતિબંધિત માર્ગ પરથી પસાર થવા ડમ્પર ચાલકોએ જુદો રસ્તો બનાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.20
વડોદરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર બનતા માર્ગ અકસ્માતો અને ટ્રાફિકની જટિલ સમસ્યાઓને ધ્યાને રાખીને તંત્ર દ્વારા ચોક્કસ માર્ગો પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવતો હોય છે. પરંતુ વડોદરાના કોયલી-ઉમેટા રોડ પરથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં બેફામ બનેલા ડમ્પર ચાલકોએ તંત્રના આદેશો અને પ્રતિબંધોના ખુલ્લેઆમ ધજાગરા ઉડાડ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા કોયલી-ઉમેટા માર્ગ પરથી ભારે વાહનો પસાર ન થાય તે માટે સ્પષ્ટ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આમ છતાં, ડમ્પર ચાલકોની ચાલબાજી અને મનમાની પરાકાષ્ઠાએ પહોંચી છે. તંત્ર દ્વારા માર્ગ બંધ કરવા કે પ્રતિબંધિત



કરવા છતાં આ ચાલકોએ રોડની સાઈડમાંથી જ એક અલગ કાચો રસ્તો બનાવી દીધો છે. પ્રતિબંધિત વિસ્તાર હોવા છતાં આ નવો રસ્તો બનાવી ડમ્પરો ત્યાંથી બેધડક રીતે પસાર કરવામાં આવી રહ્યા છે. તંત્ર ગમે તેવા સખત નિયમો કે પ્રતિબંધો લગાવે, પણ આ બેફામ ડમ્પર ચાલકો પોતાના સ્વાર્થ માટે કાયદાની પરવા કર્યા વગર નવો રસ્તો શોધી લે છે.
જેના કારણે આ વિસ્તારમાં અકસ્માતનો મોટો ભય સેવાઈ રહ્યો છે અને સ્થાનિક રહીશો તથા નાના વાહનચાલકોની સુરક્ષા સામે પણ ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયો છે.

લાકડી-પથ્થર વડે માર માર્યો

# વડસર ખિસકોલી સર્કલ પાસે નજીવી બાબતે યુવાન પર હુમલો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
વડોદરા શહેરના વડસર વિસ્તારમાં ખિસકોલી સર્કલ પાસે નજીવી બાબતે બોલાચાલી થતા એક યુવાન પર જાહેરમાં હુમલો કરવામાં આવ્યો હતો. બનાવને પગલે ઘટના સ્થળે લોક ટોળા એકત્ર થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથધરી છે. આક્ષેપ મુજબ, કેટલાક ઈસમોએ યુવાન પર લાકડીઓ વડે અંધાધૂંધ માર્યો હતો અને પથ્થરથી પણ હુમલો કર્યો હતો. જેના કારણે યુવાન લોહીલુહાણ થઈને નીચે પડી ગયો હતો. ઈજાગ્રસ્ત યુવાન દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે કે હુમલાખોરો મોટા પાયે દારૂનો ધંધો કરે છે અને તેના વિરોધના કારણે આ હુમલો કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સાથે જ 112 ની પોલીસ ટીમ પણ સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે અને સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોને શોધવાના પ્રયાસો હાથ ધર્યા છે.

વાદળ-વરસાદનું વાતાવરણ

# હળવા વરસાદની શક્યતા, તાપમાન 32.8 ડીગ્રી નોંધાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
આગામી એક સપ્તાહ સુધી વડોદરામાં વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદની શક્યતા રહેશે. ગુરુવારે શહેરનું મહત્તમ તાપમાન 32.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 26.6 ડીગ્રી નોંધાયું હતું. છેલ્લા 24 કલાકમાં શહેરમાં વરસાદ નોંધાયો નથી અને હવામાં ભેજનું પ્રમાણ 79% રહ્યું હતું. 21 ઓગસ્ટે વડોદરામાં થન્ડરસ્ટ્રોમ વીથ રેઈનની શક્યતા છે. આજે મહત્તમ તાપમાન 33 ડીગ્રી અને લઘુત્તમ 26 ડીગ્રી રહેવાની સંભાવના છે. કાલે તાપમાન સહેજ ઘટીને મહત્તમ 32 ડીગ્રી અને લઘુત્તમ 27 ડીગ્રી રહેશે. હવામાન વિભાગે આ બંને દિવસ માટે કોઈ ખાસ ચેતવણી જાહેર કરી નથી.22 ઓગસ્ટથી 26 ઓગસ્ટ સુધી હવામાન સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવા વરસાદનું રહેશે. આ દરમિયાન તાપમાન 26 ડીગ્રી થી 34 ડીગ્રીની વચ્ચે રહેવાનો અંદાજ છે.

રોકડ રકમ, 10 મોબાઇલ અને ચાર વાહન સહિત રૂ.3.68 લાખનો મુદ્દામાલ કબજે

# મોટનાથ રેસિડેન્સીના જુગારધામ પર PCBનો દરોડો : 11 ખેલી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.20
શહેરમાં ગેરકાયદેસર ચાલતા જુગાર પર PCB દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમિયાન હરણી રોડની એલઆઈજી મોટનાથ રેસિડેન્સીના એક મકાનમાં ધમધમતા જુગાર ધામ પર રેડ કરતા જુગારી આવવામાં દોડધામ મચી ગઈ હતી જોકે સ્થળ ઉપરથી 11 ખેલી ઝડપાઈ ગયા હતા. રોકડ રકમ, 10 મોબાઈલ અને ચાર વાહનો મળી રૂપિયા 3.68 લાખનો મુદ્દા કબજે કરાયો છે. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં હાલમાં જુગાર ચાલી રહ્યો હોય તેને ધ્યાનમાં રાખીને પીસીબી પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરાવી રહ્યું છે દરમિયાન બુધવારના રોજ બાતમી મળી હતી કે હરણી રોડ સ્થિત મોટનાથ રેસિડેન્સીના મકાન નંબર બી-604માં રહેતો તુષાર ઉર્ફે સન્ની મહેશ રાણા પોતાના મકાનમાં બહારથી માણસોને બોલાવી જુગાર રમાડે છે. બાતમીના આધારે ટીમે મકાનમાં દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમા 11 ખેલીઓ ઝડપાઈ ગયા હતા પોલીસે તમામને ઝડપી હરણી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન પોલીસે 10 મોબાઈલ, ચાર વાહનો, અંગઝડતી અને જમીન દાવ પરની રોકડ રકમ મળી રૂ.83 હજાર, સહિત રૂ.3.68 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ની પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**પકડાયેલા આરોપીઓ**

1. તુષાર ઉર્ફે સન્ની મહેશભાઈ રાણા
2. ચિરાગ ઉર્ફે પાઉ કમલેશભાઈ રાણા
3. મયંક યોગેશભાઈ રાણા
4. પ્રવિણ જયંતીભાઈ રાણા
5. મીત રાજેશભાઈ રાજપુત
6. વિરેન રમેશભાઈ રાણા
7. નિખિલ મનહરભાઈ રાણા
8. પરેશ રાજેશભાઈ રાણા
9. માનવ ચંદ્રકાંતભાઈ રાણા
10. આકાશ ગોપાલભાઈ માળી
11. મહેશ નથ્થુભાઈ પરમાર

પરશુરામ ભઠ્ઠા પાસે બનાવ બન્યો

# સુરત-વડોદરા મેમુ ટ્રેનની અડફેટે આધેડનું કરુણ મોત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
વડોદરા શહેરમાં રેલવે ટ્રેક પર ચાલવાને કારણે થતા અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. વડોદરાના પરશુરામ ભઠ્ઠા પાસે ટ્રેનની અડફેટે આવી જતા 57 વર્ષીય આધેડનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનારનું નામ નરેન્દ્રભાઈ ખોડાભાઈ પટેલ, ઉંમર 57 વર્ષ છે. તેઓ શહેરના જય ભવાનીનગર વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં તેઓ કમાનાર હતા અને તેમના અચાનક અવસાનથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, નરેન્દ્રભાઈ મોડી સાંજના સમયે રોજિંદા રૂટીન મુજબ રેલવે ટ્રેક પર ચાલવા માટે નીકળ્યા હતા. તે જ સમયે સુરતથી વડોદરા તરફ આવતી સુરત-વડોદરા લોકલ મેમુ ટ્રેન પૂરપાટ ઝડપે પસાર થઈ રહી હતી. ટ્રેન



નજીક આવી હોવા છતાં નરેન્દ્રભાઈ ટ્રેક પરથી ખસી ન શક્યા અને ટ્રેનની અડફેટે આવી જતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે તેમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત થતાં જ આસપાસના રહીશો દોડી આવ્યા હતા. લોકોની ભીડ એકઠી થઈ જતા સ્થાનિકોએ તાત્કાલિક રેલવે પોલીસને જાણ કરી હતી. રેલવે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહને રેલવે ટ્રેક પરથી ખસેડીને કબજામાં લીધો હતો.

મનીષા ચોકડી પાસે રોડ રિપેરિંગના અભાવે વાહનચાલકોમાં શ્વસનતંત્રના રોગ વકરશે

# 'સ્માર્ટ સિટી' વડોદરામાં સર્વત્ર ધૂળ-માટીના સામ્રાજ્યથી લોકો પરેશાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦
'સ્માર્ટ સિટી' વડોદરા શહેરમાં વિકાસના નામે કરોડો રૂપિયાના ખર્ચે યોજાતા કામો બાદ પણ નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તાજેતરમાં શહેરના મનીષા ચોકડીથી વાસણા તરફ જતા મુખ્ય માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશો ધૂળ અને રેતીની ડમરીઓને કારણે ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

મળેલી વિગતો અનુસાર, મનીષા ચોકડીથી વાસણા તરફના આ માર્ગ પર અંદાજે ૧૦ કરોડથી પણ વધુના ખર્ચે ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા રોડ પર યોગ્ય રીતે ખાડા અને ચરી પૂરાણ કરવામાં આવ્યું નથી. ચરી પૂરાણની ગુણવત્તા વગરની કામગીરીને કારણે માર્ગ પર સતત માટી અને રેતી ઉડી રહી છે.

આ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોની પાછળ ધૂળની ડમરીઓ ઉડતી હોવાથી અહીંથી પસાર થવું અત્યંત જોખમી બની ગયું છે. વાહનચાલકો જાણે શરીરમાં રેતી ખાવા મજબૂર બન્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ધૂળ અને માટીથી બચવા માટે લોકો મોં પર રૂમાલ કે



દુપટ્ટા બાંધીને વાહન ચલાવવા માટે મજબૂર બન્યા છે. સ્થાનિકો અને વાહનચાલકોમાં આક્રોશ વ્યાપ્યો છે કે કોન્ટ્રાક્ટર અને પાલિકાના જવાબદાર અધિકારીઓ વચ્ચેની કથિત મેળાપીપણાના કારણે જ લોકહિતના કામોમાં આ પ્રકારની વેઠ ઉતારવામાં આવી રહી છે. ભૂતકાળમાં પણ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે અનેક આક્ષેપો થયા છે, જે આ પરિસ્થિતિને જોતા સાચા ઠરતા જણાય છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા વિલંબ કર્યા વગર તુરંત જ કોન્ટ્રાક્ટર પાસે આ રોડનું યોગ્ય ડામર કામ અને રિપેરિંગ કરાવવામાં આવે, જેથી લોકોને સતત ઉડતી ધૂળ-રેતીમાંથી મુક્તિ મળે અને સંભવિત અકસ્માતો નિવારી શકાય.

પાલિકાની આરોગ્ય શાખાની કડક કાર્યવાહી

# જેતલપુર-ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં અસ્વચ્છતા-અખાદ્ય સામગ્રી ઝડપાઈ

(પ્રતિનિધિ), વડોદરા.તા.૨૦
વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત સંગમ ચાર રસ્તા, તુલસીધામ ચાર રસ્તા-માંજલપુર, જેતલપુર રોડ અને ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં આવેલા કુલ ૨૧ ખાદ્ય એકમો પર પાલિકાની ટીમોએ ઓચિંતું નિરીક્ષણ કર્યું હતું. આ કામગીરીમાં ૮ હોકર, ૨ રિટેલર અને ૧૧ રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે. નિરીક્ષણ દરમિયાન વિવિધ સ્થળોએથી કુલ ૨.૫ કિલો અખાદ્ય પદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. જેમાં જેતલપુર રોડ પર આવેલ "ઈશ્વર લાઈવ વેફર" હોકર યુનિટ પરથી ૧ કિલો સડી ગયેલા કેળા, "સાંઈનાથ નાસ્તા હાઉસ"



હોકર યુનિટ પરથી ૧ કિલો અખાદ્ય સમોસા અને "ખુશ્બુ કોર્નર" હોકર યુનિટ પરથી ૫૦૦ ગ્રામ રંગવાળી ચટણીનો જથ્થો જપ્ત કરી તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં આવેલ "ગુરૂકૃપા રેસ્ટોરન્ટ" ખાતે નિરીક્ષણ દરમિયાન અત્યંત અનહાઈજેનિક પરિસ્થિતિ જોવા મળતા પાલિકાની ટીમે આ યુનિટને તાત્કાલિક અસરથી બંધ કરાવવાની કડક કાર્યવાહી કરી હતી.

પાયોનીયર કોલેજમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં ?

# ગંદકી વચ્ચેના નળમાંથી પાણીના જગ ભરતો વીડિયો વાયરલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20
વડોદરાની પાયોનીયર કોલેજમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા થવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. જનરેટરના શેડ પાછળ ગંદકી વચ્ચે લાગેલા ખુલ્લા નળમાંથી અંડર ગ્રાઉન્ડ ટાંકીમાંથી 20 લીટરના પાણીના જગ ભરતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે કોલેજ કેમ્પસ કે હોસ્ટેલ પાછળ જનરેટરના શેડની પાછળના ભાગે ગંદકી અને વચ્ચે અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં ખુલ્લો નળ લગાવેલો છે. આ જ નળમાંથી એક કર્મચારી 20 લીટરની ક્ષમતા ધરાવતા પ્લાસ્ટિકના જગ ભરી રહ્યો છે. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે આ જ પાણીને ફિલ્ટર પાણીના નામે સમગ્ર કોલેજમાં સપ્લાય કરવામાં આવે છે. પીવાનું પાણી આટલી ગંદી જગ્યાએથી ભરવામાં આવતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો છે. વીડિયો વાયરલ થયા બાદ અનેક વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા પર કોલેજ તંત્રની બેદરકારી અંગે નારાજગી વ્યક્ત કરી છે. વિદ્યાર્થીઓએ આ મામલે કોલેજ તંત્ર પર ગંભીર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમનું કહેવું છે કે



હજારો રૂપિયા ફી ભરવા છતાં મૂળભૂત સુવિધા એટલે કે સ્વચ્છ પીવાનું પાણી પણ પૂરું પાડવામાં આવતું નથી. અમને કહેવામાં આવે છે કે ફિલ્ટરનું પાણી મળે છે, પરંતુ હકીકતમાં ગંદકીમાંથી ટાંકી ભરવામાં આવે છે. આનાથી અનેક બીમારીઓ ફેલાવવાનો ભય વ્યાપ્યો છે. ત્યારે, આ વીડિયો વાયરલ થતા કોલેજ મેનેજમેન્ટ સાથે હકીકત જાણવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જોકે, મેનેજમેન્ટ દ્વારા ફોન ઉપાડવાની તસ્દી લેવામાં આવી ન હતી. હાલ આ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. હવે વિદ્યાર્થીઓના સાથે સાથે થઈ રહેલા ચેડા અંગે તંત્ર ક્યારે પગલાં લેશે અને જવાબદારો સામે શું કાર્યવાહી કરશે તેવા સવાલો ઉઠ્યા છે.

સારસંભાળ માટે રાખેલા નોકરનું કાંડ

# કેરટેકરે વૃદ્ધનું ATM કાર્ડ લઈ રૂ.75 હજાર ઉપાડી લીધા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦
હરણી-વારસિયા રિંગ રોડ વિસ્તારમાં રહેતા નિલેશકુમાર લક્ષ્મીકાંત શાહે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના કાકા અશ્વિનભાઈ કેશવલાલ શાહ (ઉંમર 76 વર્ષ, બાજવાડા) વિસ્તારમાં આવેલા મકાનમાં રહે છે. આશરે અઢી મહિના અગાઉ તેમના કાકાનું બોલ (થાપા) રિપ્લેસમેન્ટનું ઓપરેશન થયું હતું. કાકાની સારસંભાળ માટે કેરટેકરની જરૂર હોવાથી મૌલિકભાઈ દેસાઈના સંપર્કથી રાજેશ્વરસિંહ જયપ્રકાશ દરબારને કેરટેકર તરીકે રાખવામાં આવ્યો હતો. રાજેશ્વરસિંહે 10 મે 2026થી તા.23 જૂન 2026 સુધી આશરે દોઢ મહિના સુધી કાકાની નાઈટ શિફ્ટમાં કેરટેકર તરીકે ફરજ બજાવી હતી. ત્યારબાદ અશ્વિનભાઈની તબિયતમાં સુધારો થતાં અને તેઓ સામાન્ય રીતે ચાલવા-ફરવા સક્ષમ બનતાં કેરટેકરની નોકરી બંધ કરી દેવામાં આવી હતી. દરમિયાન 17 ઓગસ્ટે નિલેશભાઈ તેમના કાકાના ICICI બેંકના ન્યાયમંદિર સાધના સિનેમા પાસે આવેલા ખાતાની FD તથા એકાઉન્ટનું સ્ટેટસ જાણવા બેંકમાં ગયા હતા. ત્યારે એકાઉન્ટમાંથી ATM મારફતે શંકાસ્પદ રીતે રકમ ઉપાડવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. 2 જૂનના રોજ પ્રથમ રૂ.15 હજાર અને ત્યારબાદ રૂ.30 હજાર, જ્યારે 4 જૂનના રોજ વધુ રૂ.30 હજાર ઉપાડવામાં આવ્યા હતા. આમ રૂ.75 હજાર ઉપાડવામાં આવી તે સમયગાળા દરમિયાન અશ્વિનભાઈની તબિયત નાદુરસ્ત હતી. તેથી નિલેશભાઈને શંકા છે કે અગાઉ કેરટેકર તરીકે કામ કરનાર રાજેશ્વરસિંહે કાકાની નજર ચૂકવી ATM કાર્ડ મેળવી રકમ ઉપાડી લીધી હતી. નિલેશકુમાર શાહે રાજેશ્વરસિંહ દરબાર સામે તપાસ કરી ATMમાંથી ઉપાડવામાં આવેલી રૂ.75 હજારની રકમ અંગે હકીકત બહાર લાવવા માગ કરી છે.

મેક્સિમસ

# ઈન્ટરનેશનલની આવકમાં 51.59%નો ઉછાળો

વડોદરાઃ ઓટોમોટિવ, ઈન્ડસ્ટ્રિયલ અને સ્પેશિયાલિટી લુબ્રિકન્ટ્સ ક્ષેત્રે કાર્યરત મેક્સિમસ ઈન્ટરનેશનલ લિમિટેડ (BSE: 540401)એ નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મજબૂત નાણાકીય પ્રદર્શન નોંધાવ્યું છે. 30 જૂન, 2026ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે 51.59% વધીને 59.91 કરોડ થઈ છે, જે અગાઉના વર્ષે 39.52 કરોડ હતી. કુલ આવક પણ 51.31% વધીને 60 કરોડ થઈ છે. કંપનીનો EBITDA 3.88 કરોડથી વધીને 4.58 કરોડ થયો છે, જે 18.15% વૃદ્ધિ દર્શાવે છે. કરવેરા પહેલાંનો નફો 2.41 કરોડ અને ચોખ્ખો નફો 2.05 કરોડ રહ્યો છે. ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર દિપક રાવલે જણાવ્યું કે મધ્ય-પૂર્વની ભૂરાજકીય પરિસ્થિતિને કારણે કાચા માલ અને પરિવહન ખર્ચ વધવાથી માર્જિન પર દબાણ આવ્યું હોવા છતાં કંપનીએ કાર્યકારી નફાકારકતા જાળવી રાખી છે.

સ્થાનિકોની સતર્કતાથી ચાલક પકડાયો

# વડોદરા-ડભોઈ માર્ગ પર કેલનપુર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦
વડોદરા ડભોઈ માર્ગ પર કેલનપુર ગામ નજીક ગુરુવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જમવાનું લેવા માટે ઘરની બહાર નીકળેલા ૧૫ થી ૧૬ વર્ષીય અરકાન નામના કિશોરને પાછળથી પૂરઝડપે દોડી આવતી એક ઈકો કારના ચાલકે જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા કિશોરને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. ઘટના સ્થળે હાજર રાહદારીઓ અને સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે, અકસ્માત સર્જ્યા બાદ ઈકો ગાડીનો ચાલક વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ ત્વરિત સાહસ દાખવીને ૨ થી ૩




કિલોમીટર સુધી કારનો ફિલ્મીઢબે પીછો કર્યો હતો અને આખરે ભાગી રહેલા ઈકો ચાલકને ઝડપી પાડી પોલીસના હવાલે કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, અકસ્માતનો ભોગ બનેલો અરકાન અનાથ છે અને તેના માતા-પિતાનું અગાઉ જ અવસાન થયેલું છે. હાલ તે વડોદરામાં તેના સંબંધીઓ સાથે રહે છે અને તેઓ જ તેની સંભાળ રાખી રહ્યા છે. આ દુર્ઘટનાની જાણ થતાં જ તેના પરિવારજનોમાં શોક અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સયાજી હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોલીસે હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્ત કિશોર અને તેના સગા-સંબંધીઓની પ્રારંભિક પૂછપરછ હાથ ધરી છે.

# સિંગાપોરના વર્ક પરમિટના નામે રૂ.3.99 લાખની છેતરપિંડી, ત્રણ સામે ફરિયાદ

વડોદરા : પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના જાખણા ગામે રહેતા નરસિંહભાઈ બાજીદાસ પટેલે નોધાવેલી ફરિયાદ મુજબ કલ્પેશ ભીખા પટેલ, ધીરજ પટેલ અને ઈમરાન સામે આક્ષેપ કરવામાં આવ્યા છે. આરોપીઓની ઓફિસ સયાજીગંજ વિસ્તારમાં સમન્વય સિલિકોન ખાતે આવેલી છે. 25 ડિસેમ્બર 2025થી તા.9 જાન્યુઆરી 2026 દરમિયાન આરોપીઓએ તેમના બે પૌત્ર ઉત્તમકુમાર મુકેશભાઈ પટેલ અને સેતુભાઈ ભરતભાઈ પટેલને સિંગાપોરના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી કુલ રૂ.3.99 લાખ મેળવવામાં આવ્યા હતા. જોકે, રકમ લીધા બાદ બંને યુવકોના વર્ક પરમિટ વિઝા નહીં કઢાવી આપી છેતરપિંડી આચરી હતી.

